# કેન્દ્રીય ટી-બોર્ડ ચાય ચુસ્કી કેન્દ્ર ખોલશે

## ભારતને મળેલા જી-૨૦ના અધ્યક્ષપદ અંતર્ગત આયોજન : સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રથમ કેન્દ્ર ખોલવામાં આવશે




નવી દિલ્હી, તા.૧૧

ટી બોર્ડ ઓફ ઈન્ડિયા ગુજરાતમાં 'ટી એક્સપિરિયન્સ ઝોન' ખોલવાનું આયોજન કરી રહ્યું છે. આ એવા કેન્દ્રો હશે જ્યાં વિવિધ પ્રકારની ચાની ચુસ્કીઓ માણી શકાશે. ભારતીયો અને તેમાં પણ ગુજરાતીઓ ચા પીવાના શોખીન છે. ત્યારે ટી બોર્ડ ઓફ ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં આગામી વર્ષ સુધીમાં આવા ૨૦ કેન્દ્રો ખોલવાનું આયોજન કરવામાં આવ્યું છે. વાણિજ્ય મંત્રાલયે ભારતના જી-૨૦ અધ્યક્ષપદને લગતી કેટલીક પ્રવૃત્તિઓ અને પ્રમોશનનું નેતૃત્વ કરવા માટે ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ વર્કિંગ ગ્રૂપ (TIWG) ની રચના કરી છે. તે અંતર્ગત 'ચાય ચુસ્કી કેન્દ્રો' ઉપર, ચા કંપનીઓને ભારતમાં બનતા વિવિધ હેલ્ધી પીણાંને વેચવાની પણ મંજૂરી આપવામાં આવી છે. અહીં એક્સપિરિયન્સ ઝોનમાં ભારતીય ચાની સમૃદ્ધિનો સ્વાદ પણ માણવા મળશે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' ગુજરાતના કેવડિયામાં છે. જૂન ૨૦૨૩માં કેવડિયામાં 'ચાય ચુસ્કી કેન્દ્ર' સ્થપાશે. તેના ડેકોરેશનની જવાબદારી ટી બોર્ડની રહેશે. તો મિલેટ્સ તેમજ કોફી માટે એક્સપિરિયન્સ ઝોન પણ બનાવવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે કોફી અને બાજરીની બનવાટો માટે પણ એક અલગ ઝોન રાખવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્રએ ૨૦૨૩ને 'આંતરરાષ્ટ્રીય બાજરી વર્ષ' તરીકે જાહેર કર્યું છે. મસાલા, કોફી અને બાજરીની જેવી ચીજવસ્તુઓ માટે મુંબઈ, બેંગલુરુ અને જયપુરમાં પણ આવા કેન્દ્રો સ્થાપવામાં આવશે. આ કેન્દ્રો આવતા વર્ષે માર્ચ, જુલાઈ અને ઓગસ્ટમાં ખોલવામાં આવશે. ભારતે ૧ ડિસેમ્બર ૨૦૨૨થી જી૨૦ નું પ્રમુખપદ સંભાળ્યું છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાથી માંડીને કેકટસ ગાર્ડન, જંગલ સફારી જેવા ઘણા આકર્ષણો છે અને પ્રવાસીઓ મોટી સંખ્યામાં અહીં ઉમટી પડતા હોય છે ત્યારે હવે ચાય ચૂસ્કી કેન્દ્ર પણ આવતા વર્ષે તૈયાર થઈ જતા તે પ્રવાસીઓ માટે મોટું આકર્ષણ બની શકે છે.




ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ધોળકા બેઠક ઉપર વિજયી ઉમેદવારના સન્માન સમારંભમાં વિજેતા શ્રી કીરીટસિંહ ડાભીને એમએલએ ગુજરાતની પ્લેટ આપી પૂર્વ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પોતાનું કર્તવ્ય અદા કર્યું હતું. ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત પોતાની પરંપરાગત ધોળકા બેઠક પર વિજયી બનનાર ઉમેદવારને પોતાની જવાબદારી સુપરત કરી રહયા હોય એવી અદભૂત ઘટના રાજ્યના રાજકીય ઈતિહાસમાં નોંધાઈ હતી. આ પરંપરામાંથી પ્રેરણા લેવા જેવી રાજકીય ઘટના છે. નવી પેઢીને જવાબદારી સુપરત કરવાની કર્તવ્યનિષ્ઠા વિદાય લેતી પેઢી બતાવે એ સમયની માંગ છે.

### પૂર્વ મંત્રી કિર્તીસિંહ વાઘેલાનો જાહેરમાં બફાટ

# કેટલાકે ભાજપનો ખેસ પહેરી કોંગ્રેસ માટે કામ કર્યું

## કિર્તીસિંહ વાઘેલાએ હાર માટે કાર્યકરોને જવાબદાર ગણાવ્યા હોય તેવો વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે

અમદાવાદ, તા.૧૧

ગુજરાત ચૂંટણીનાં પરિણામો સામે આવ્યા બાદ હજુ પણ રાજ્યની રાજનીતિમાં ઉલટફેર જોવા મળી રહ્યા છે. વિધાનસભાની ચૂંટણીમાં હારેલા નેતાઓના ચર્ચાસ્પદ નિવેદનો સામે આવી રહ્યા છે. જેમાં કાંકરેજના થરા ખાતે પૂર્વ મંત્રી કીર્તિસિંહ વાઘેલાએ ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન કર્યું હતું. જેમાં પૂર્વમંત્રી કિર્તીસિંહ વાઘેલાએ હાર માટે કાર્યકરોને જવાબદાર ગણાવ્યા છે. તેમણે જણાવ્યું કે કાર્યકરોએ પાર્ટી વિરુદ્ધ કામ કરી પાર્ટી તોડવાનું કામ કર્યું. કેટલાક લોકોએ ભાજપનો ખેસ પહેરી કોંગ્રેસ માટે કામ કર્યું.

પૂર્વમંત્રી કિર્તીસિંહ વાઘેલાએ હાર માટે કાર્યકરોને જવાબદાર ગણાવ્યા હોય તેવો એક વીડિયો હાલ વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેમણે હારનું ટોપલું કાર્યકરો પર ઢોળ્યું છે. કિર્તીસિંહ વાઘેલાએ જણાવ્યું કે, કાંકરેજમાં હાર બાબતે કાર્યકરો જવાબદાર છે. ઋણ સ્વીકાર કાર્યક્રમમાં પૂર્વ મંત્રી કિર્તીસિંહ વાઘેલાએ કેટલાક કાર્યકરોએ ભાજપનો ખેસ પહેરી કોંગ્રેસ માટે કામ કર્યુ હોવાનો આરોપ લગાવીને ખળભળાટ મચાવી દીધો છે.

તેમણે ઉમેર્યું કે, અમુક કહેવાતા કાર્યકરોએ ભાજપને તોડવાનું કામ કર્યુ છે. જેના કારણે મારી હાર થઈ છે. પરંતુ ભાજપને તોડવાનું કામ કરતા કાર્યકર્તાઓને નહી ચલાવી લેવાય. મહત્વનું છે કે, કિર્તીસિંહ વાઘેલા કાંકરેજ બેઠક પર ભાજપના ઉમેદવાર હતા. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર અમૃતજી ઠાકોર સાથે તેમની સીધી ટક્કર હતી. કાંકરેજ બેઠક પરથી કોંગ્રેસનાં ઉમેદવાર અમૃતજી ઠાકોર સામે કિર્તીસિંહ વાઘેલાની હાર થઈ હતી. ત્યારે હવે કિર્તીસિંહ વાઘેલાએ હારનું ટોપલું કાર્યકરો પર ઢોળ્યું છે.

તમને જણાવી દઈએ કે, કાંકરેજ બેઠક પર બેઠક પર કોંગ્રેસે ૯ વખત અને ભાજપે ૩ વખત કબજો કર્યો હતો. પરંતુ આ વખતે ફરીથી કોંગ્રેસે બાજી મારી છે. આ બેઠક પર સૌથી વધુ ધારસિભાઈ ખાનપુરા ૪ વાર જીત્યા છે. વર્ષ ૧૯૯૦માં ધારસિભાઈ જનતા દળ તરફથી ઊભા રહ્યા અને જીત મેળવી હતી.

ત્યારબાદ વર્ષ ૧૯૯૫, ૨૦૦૨ અને ૨૦૧૨માં કોંગ્રેસ તરફથી વિધાનસભા ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને જીતનો પરચમ લહેરાવ્યો હતો.

### અહીંની દરેક વસ્તુનો કરી શકે છે અનુભવ

# માનસિક રીતે અસ્વસ્થ બાળકો માટે તૈયાર કરાયો વિશેષ ગાર્ડન

## સુગંધ, અવાજ, સ્પર્શ, સ્વાદ અને ચક્ષુ અંગેનું જ્ઞાન પ્રજ્જવલિત થઈ શકે અને તેની ઓળખ થઈ શકે તે માટે ગાર્ડન બનાવાયું

વડોદરા, તા.૧૧

નાનકડું તળાવ, સ્પર્શથી અનુભવી શકાય તેવી કેડી અને દિવાલ, રેતીનો ઢગલો, મ્યૂઝિલક વૉલ, જાતભાતની પાંખો, રોપવે સાથેની લપસણી, કલાઈમ્બર અને ટ્રેમ્પોલિન- આ બધી જ વસ્તુઓ નવીન પ્રકારના સેન્સરી ગાર્ડન એટલે કે સ્પર્શીને અનુભવ કરી શકાય તેવા બગીચાનો ભાગ છે. સેન્સરી ગાર્ડનની શરૂઆત શનિવારે શહેરની સ્પંદન સ્કૂલ દ્વારા કરવામાં આવી હતી. માનસિક રીતે અસ્વસ્થ બાળકો માટે સ્પંદન સ્કૂલની શરૂઆત ૪૬ વર્ષ પહેલા બનયન સિટી જેયસી એજ્યુકેશન ટ્રસ્ટ (મ્ઝરૂઈ) દ્વારા કરવામાં આવી હતી.



પાંચ મૂળ ઈન્દ્રિયો સુગંધ, અવાજ, સ્પર્શ, સ્વાદ અને ચક્ષુ અંગેનું જ્ઞાન પ્રજ્જવલિત થઈ શકે અને તેની ઓળખ થઈ શકે તે માટે આ સેન્સરી ગાર્ડન બનાવાયું છે. આ સ્કૂલ માનસિક રીતે અસ્વસ્થ બાળકોના વિકાસ અને વૃદ્ધિ માટે કામ કરી રહ્યા છે. તેઓ આ બાળકોને એ પ્રકારે શિક્ષણ આપી રહ્યા છે કે, તેમાં ઓક્યુપેશનલ થેરાપી, ફિઝિયોથેરાપી, સ્પીચ થેરાપી અને બધી જ ઈન્દ્રિયો અંગેનું જ્ઞાન મળી રહે. સ્કૂલના ટ્રસ્ટીઓએ કહ્યું કે, રોજ ૨૦૦ જેટલા માનસિક અસ્વસ્થ બાળકો નિયમિતપણે અમારી સ્કૂલના ત્રણ ડિવિઝન- પ્લે સેન્ટર, સ્પંદન સ્કૂલ અને વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરમાંથી એકમાં આવે છે. સ્કૂલમાં સાયકોલોજીકલ ટેસ્ટિંગ અને કાઉન્સેલિંગ, પર્ફોર્મિંગ આર્ટ્સની એકેડમી ઉપરાંત કમ્પ્યૂટર ક્લાસ જેવી સુવિધા પણ આપવામાં આવે છે. સ્પંદનના વાઈસ પ્રેસિડેન્ટ ભરત દેસાઈએ જણાવ્યું, "સેન્સરી ગાર્ડન બાળકોને કુદરત સાથે જોડાવામાં મદદ કરે છે, તેમની આસપાસની દુનિયાથી અવગત કરે છે અને તેના માટે કેવી પ્રતિક્રિયા આપવી તે શીખવે છે. સેરેબ્રલ પાલ્સી, ઓટિઝમ, ડાઉન સિન્ડ્રોમ, ધીમે શીખવું વગેરે જેવી દિવ્યાંગતાઓથી પીડાતા બાળકો માટે ઉપયોગી છે. તેઓ શીખી અને માણી શકે છે." આ પ્રોજેક્ટની કલ્પના અને ડિઝાઈન ડૉ. સુષ્મા ભંડારકરે કરી હતી. તેઓ ઓક્યુપેશનલ થેરાપિસ્ટ અને મ્ઝરૂઈના ટ્રસ્ટી છે. તેમને પ્રમુખ મનોજ કાકડિયા અને સ્પંદનની આખી ટીમનો સહકાર મળ્યો હતો.

### સોમનાથ રેલવે સ્ટેશનનો નવો લુક

# પ્રાચીન-આધુનિક વાસ્તુકલાનું મિશ્રણ સાથે ડિઝાઈન તૈયાર

## યાત્રીઓ, તીર્થયાત્રીઓ અને પર્યટકોને આધુનિક સુવિધાઓ અને સાધનો સાથે કોઇ એરપોર્ટ જેવી સુવિધાઓ પ્રદાન કરશે

સોમનાથ,તા.૧૧

સોમનાથ સ્ટેશનના પુનઃવિકાસનું કાર્ય શરૂ થઈ ગયું છે અને તે ઝડપથી આગળ વધી રહ્યું છે. આ કામગીરી પશ્ચીમ રેલવેના ભાવનગર મંડળના ગતિશક્તિ યુનિટ દ્વારા કરવામાં આવી રહ્યું છે. શરૂઆતમાં અંદાજિત ૧૩૨ કરોડના ખર્ચે નિર્માણ શરૂ થયેલ સોમનાથ સ્ટેશનને હાલમાં બજેટ વધારીને ૧૫૭.૪ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે એક આધુનિક સ્ટેશન રૂપે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે. નિર્માણની કામગીરી માર્ચ, ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સપ્ટેમ્બર, ૨૦૨૨થી આ સ્ટેશનને કામગીરી માટે બંધ કરવામાં આવ્યું છે અને હાલમાં સ્ટેશનના બિલ્ડિંગને પાડવાની કામગીરી ચાલે છે. તે સાથે જ પાયાનું ખોદકામ પણ ચાલુ છે. સોમનાથ સ્ટેશનને વાસ્તુશિલ્પ સાથે ડિઝાઈન કરવામાં આવશે. અને પર્યાવરણ ને નુકશાન ન થાય તે રીતે ગ્રીન ઉર્જા સંચાલિત કરાશે. સમગ્ર સ્ટેશનનો આગળનો ભાગ, ફિનિશિંગ, રંગ, સામગ્રી, તેની રચના અને સમગ્ર રૂપ અને અનુભવ દ્વારા એક સમાન લાગે. મુખ્ય સ્ટેશન ભવનની છત પર ૧૨ શિખર હશે જે ૧૨ જ્યોતિર્લિંગોનું પ્રતિનિધિત્વ કરતા હશે અને આગળનો ભાગ પણ શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ મંદિર જેવો દેખાતો હશે.

તેની ડિઝાઈન ભારતીય સંસ્કૃતિ અને પરંપરાના વિવિધ પાસાંને પ્રતિબિંબિત કરશે અને પ્રાચીન તેમ જ આધુનિક વાસ્તુકલાનું સુંદર મિશ્રણ હશે. સોમનાથ રેલવે સ્ટેશનને વિવિધ સુખ-સગવડો અને સુવિધાઓ માટે પૂરતા ક્ષેત્રો સાથે મનોરમ્ય રીતે ડિઝાઈન કરેલા સ્ટેશન રૂપે અપગ્રેડ અને પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. આ યોજનમાં અલગ અલગ આવવા-જવાના યાત્રી પ્લાઝા, સ્ટેશનના પ્લેટફોર્મ ભીડથી મુક્ત અને સરળતાથી અંદર આવવા-બહાર જવાની વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા વગેરેનો સમાવેશ થાય છે.

# અપક્ષ/આપના ૩-૩ એમ કુલ ૬ ધારાસભ્યો ભાજપમાં જોડાઈ શકે છે

## ગુજરાતમાં ચૂંટણી બાદ રાજકીય ભૂકંપ : ત્રણેય અપક્ષ ધારાસભ્યોએ ગુપ્ત બેઠક યોજ્યાનું સામે આવ્યું

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ પુરી થતાંની સાથે જ હવે પક્ષપલટાની મૌસમ આવી છે. આવખતે ગુજરાતમાં જનતાએ ભાજપે કુલ ૧૮૨માંથી ૧૫૬ બેઠકો જીતાડીને ઐતિહાસિક જીત અપાવી છે. ત્યારે આ દરમિયાન ગુજરાતની રાજનીતિના સૌથી મોટા સમાચાર સામે આવ્યાં છે. અપક્ષમાંથી ચૂંટાયેલાં ત્રણેય ધારાસભ્યોએ ભાજપને પોતાનું સમર્થન જાહેર કરી દીધું છે.

જેમાં બાયડથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયેલાં ધવલસિંહ ઝાલા, વડોદરાના વાઘોડિયાથી અપક્ષ ચૂંટાયેલાં ધર્મેન્દ્રસિંહ વાઘેલા જ્યારે ધાનેરાથી અપક્ષ ધારાસભ્ય તરીકે ચૂંટાયેલાં માવજી દેસાઈ સહિત ત્રણેય અપક્ષ ધારાસભ્યોએ ગુપ્ત બેઠક યોજી હોવાનું સામે આવ્યું છે. ધારાસભ્યોની શપથવિધિ પહેલાં જ આ સમગ્ર મામલો સામે આવ્યો છે. ત્રણેયે ભાજપને પોતાનું સમર્થન જાહેર કરી દીધું છે. ત્રણેય પહેલાં ભાજપમાં જ હતા. તેમને ટિકિટ ન મળતા તેઓ અપક્ષ ઉમેદવારી કરી હતી. હવે જીત બાદ તેઓ ઘરવાપસી કરી રહ્યાં છે.

બીજી તરફ આમ આદમી પાર્ટીના વીસાવદરના ધારાસભ્ય ભૂપત ભાયાણી પણ ભાજપમાં જોડાવાની ચર્ચા હતી. જેમાં તેમણે મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું છેકે, હું પહેલાં ભાજપમાં જ હતો. નરેન્દ્ર મોદી પર મને ગર્વ છે. હજુ હું ભાજપમાં જોડાયો નથી. પણ મારી ટીમ મારા કાર્યકરો અને મારી જનતાને પૂછીને આગામી નિર્ણય લઈશ. વાઘોડિયાના અપક્ષ ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ ઝી ૨૪ કલાક સાથેની વાતચીતમાં જણાવ્યુંકે, મારું સમર્થન પહેલાં જ દિવસે ભાજપને આપેલું છે. બીજી પાર્ટીમાં જોડાવાનો સવાલ જ ઉભો નથી થતો. ફોર્મલ મીટિંગ હતી. બીજી કોઈ કારણ નહોતું. શુભેચ્છા મુલાકાત હતી ત્રણેય અપક્ષ ધારાસભ્યોની. અમે પહેલાંથી જ ભાજપને અમારું સમર્થન આપી દીધેલું છે.આ ઉપરાંત એવા પણ સમાચારો સામે આવી રહ્યાં છેકે, આમ આદમી પાર્ટીમાંથી ચૂંટાયેલાં વીસાવદરના ભૂપત ભાયાણી સહિત બોટાદથી ઉમેશ મકવાણા અને ગારિયાધારથી સુરેશ વાઘાણી પણ ભાજપમાં જોડાઈ શકે છે. ધારાસભ્ય દળની શપથ પહેલાં ભાજપ દ્વારા આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવશે. આમ આ સમાચારોને કારણે હાલ ગુજરાતની રાજનીતિમાં હડકંપ મચી ગયો છે.

### પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

મહાગુજરાતની લડતમાં પણ તેમનું મોટું પ્રદાન હતું. મોડાસા શહેરમાં તેમણે પ્રજા પરિષદનું મહાગુજરાતનું બ્યુગલ ફૂંક્યું હતું. મોડાસા રેલવે માર્ગે મુંબઈ અને અમદાવાદ સાથે જોડાય તે માટે પણ તેમણે સફળ પ્રયત્નો કર્યા હતા.

નાયબ મંત્રી તરીકે પણ તેમણે સમાજ ઉપયોગી અનેક કાર્યો કર્યા હતા. પ્રજાની પ્રતિબદ્ધતા એટલી પાક્કી કે તેઓ ગુજરાત વિધાનસભામાં પણ ચૂપ ન રહે. નિખાલસ અને સ્પષ્ટ વક્તા. સત્તાથી દૂર રહે. કોઈનાથી ડરે નહીં, જે કહેવા જેવું હોય તે કહે જ. સામે કોણ છે તે નહીં જોવાનું. ગુલઝારીલાલ નંદાને પણ તેમણે ઘણી વખત સાવ સાચી વાતો નીડરતાથી કહી હતી. સાબરકાંઠા જિલ્લા પંચાયતને પણ તેમનો ખૂબ લાભ મળેલો. રાજકારણ એટલે રાજકારણ. એક વખત, ૧૯૮૦માં એક બેઠકમાં તેમને અલગ 'સાત્વિક' નાસ્તો આપવામાં આવેલો અને એ ખાધા પછી તેઓ ગંભીર બીમારીનો ભોગ બન્યા હતા. અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં દોઢ મહિના સુધી રહ્યા હતા. બોલવામાં, શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. ખાઈ તો શકતા જ નહોતા.

સેવા કરવી સહેલી નથી! ઉત્તર ગુજરાતનાં જુદાં જુદાં નગરો અને ગામોના વિકાસમાં અને માળખાકીય સુવિધા ઊભી કરવામાં જમુભાઈનું મોટું પ્રદાન હતું. એ વખતે રોજગારીની ભૂખ હતી તો ઔદ્યોગિક તાલીમ કેન્દ્ર પણ તેમણે શરુ કરેલું. દરેક પ્રશ્નનો ઉકેલ તેઓ પ્રેક્ટીકલી લાવી શકતા. મોડાસા આઈઆઈટીમાં ૧૫૦૦થી વધુ યુવાનોએ તાલીમ મેળવી અને તેઓ રોજગારી લેતા થઈ ગયા હતા.

૨૯મી નવેમ્બર, ૧૯૯૬ના રોજ તેમનું નિધન થયું. એક જિંદગીમાં જમુભાઈ ઘણી બધી જિંદગી જીવી ગયા. છેવાડાના લોકો માટે તેમણે જીવન ખર્ચી નાખ્યું. જાહેર જીવનમાં રહીને પણ તેઓ શુદ્ધ રહ્યા. જે ખાદી પહેરતા હતા તેના પર તેમણે એક પણ ડાઘ પડવા ન દીધો. આ તેમના જીવનની સાચી કમાણી હતી. જો તેમણે ધાર્યું હોત તો તેઓ કરોડો રૂપિયા કમાઈ શક્યા હોત. સંપત્તિનું મોટા પાયે સર્જન કરી શક્યા હોત. જોકે, તેવો જમુભાઈ વિચાર પણ ન કરે. ધારાસભ્ય તરીકે તેમને જે પ્લોટ મળે એ પ્લોટ પણ ન મળેલો કારણ કે, જે રકમ ભરવાની હતી તે રકમનો ચેક આપેલો એ બેક્રમાં બેલેન્સ નહોતું એટલે બાઉન્સ થયેલો. બેક્રમાં બેલેન્સ નહોતું એની પણ જમુભાઈને ખબર નહોતી.

લોકોનું કામ કરવાની તેમની તત્પરતા અને ગંભીરતા એટલી બધી હતી કે, ઘણીવાર પોતાનો પુત્ર કયા ધોરણમાં ભણે છે તેની પણ તેમને ખબર નહોતી રહી. તેમનાં જીવનસાથી કપિલાબહેને ખભેખભો મિલાવીને તેમને સહયોગ આપ્યો હતો. જમુભાઈ ખૂબ કામ કરી શક્યા તેનું કારણ તેમનાં જીવનસાથી કપિલાબહેનનો સહયોગ. આર્થિક અવરોધો વચ્ચે પણ તેમણે ઘર ચલાવ્યું. સંતાનોનો ઉત્તમ ઉછેર કર્યો. સંતાનો એક પછી એક યોગ્ય જગ્યાએ અને યોગ્ય રીતે સ્થાયી થયા.

તેમના દીકરા બિપીનભાઈ સરકારમાં જોડાયા. ૧૯૮૮થી તેઓ સીધી ભરતીના ક્લાસ વન ઓફિસર હતા. ૨૦૦૨થી તેઓ અધિક કલેક્ટર તરીકે ડાયરેક્ટર અને કમિશનર પણ બન્યા હતા. પિતાની સંવેદના બિપીનભાઈમાં ભારોભાર આવી. તેમણે સરકારી નોકરી કરી ત્યાં સુધી લોકોનાં કામો જ કર્યા. એક વખત દુષ્કાળમાં એક મજૂર ચંપલ પહેર્યા વગર આવ્યો, તેની પાસે ચંપલ પહેરવાનાં નહોતાં એ તેમને એટલું ચચર્યું કે જ્યાં સુધી તમામ મજૂરોને ચંપલ નહીં મળે ત્યાં સુધી પોતે પણ ચંપલ નહીં પહેરે એવી પ્રતિજ્ઞા કરી. ૨૦૦૦થી વધુ મજૂરોને ચંપલ મળ્યા પછી જ બિપીનભાઈએ ચંપલ પહેરેલાં.

ભૂકંપગ્રસ્ત કચ્છમાં એવું કામ કર્યું કે લોકોએ સામેથી તેમના નામનું એક ગામ વસાવ્યું.

પિતાનો સંસ્કાર અને વિચાર વારસો બિપીનભાઈએ સાચવી જાણ્યો.

બિપીનભાઈએ પોતાના પિતાના મૃત્યુના ૨૬ વર્ષ પછી, સંશોધન કરીને જમુભાઈનું જીવન ચરિત્ર લખ્યું એ માટે તેમને અભિનંદન. આ જીવન ચરિત્ર લખીને તેમણે ગુજરાતની પ્રજા અને ગુજરાતી ભાષા ઉપર ઉપકાર કર્યો છે એમ હું કહીશ. આ એક ઉત્તમ દસ્તાવેજીકરણ થયું છે. બિપીનભાઈ ભલે સાહિત્યકાર નથી, પરંતુ ભાષા પર તેમનું પ્રભુત્વ છે. તેમણે અત્યંત સહજ રીતે જીવન ચરિત્ર લખ્યું છે. એ વખતનું આખું ઉત્તર ગુજરાત, ત્યારનાં ગામો, એ વખતનાં લોકોને તેમણે આપણી સમક્ષ જીવતાં કર્યાં છે.

આ જીવન ચરિત્ર ગુજરાતી ભાષાના જીવન ચરિત્રોમાં એક ઉત્તમ ઉમેરણ છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

### ફિર સે

● અનુસંધાન પહેલાનું ચાલુ

નામ પર મહોર લગાવવામાં આવી છે. આવતીકાલે ગાંધીનગરના હેલિપેડ ગ્રાઉન્ડ ખાતે આ શપથવિધિ સમારોહ યોજાશે. આ કાર્યક્રમને ધ્યાનમાં રાખીને પીએમ મોદીના ગુજરાત પ્રવાસના કાર્યક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. પીએમ મોદી આજે રાત્રે જ અમદાવાદ આવી પહોંચશે. પ્રધાનમંત્રી મોદી ગોવાથી સીધા જ ગુજરાત પહોંચશે.

આવતીકાલે થનારી શપથવિધિમાં પીએમ મોદી ઉપરાંત કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ હાજરી આપશે. આ ઉપરાંત કેન્દ્રિય મંત્રીઓ, ભાજપ શાસિત રાજ્યોના મુખ્યમંત્રીઓ, નાયબ મુખ્યમંત્રીઓ પણ હાજરી આપશે. સાથે જ સાધુ સંતો અને સામાજિક આગેવાનો સહિત ૧૦ હજારથી વધુ મહેમાનો હાજરી આપવાના છે.

ભૂપેન્દ્ર પટેલ સરકારના તમામ મંત્રીઓને સીએમનું તેડુ આવ્યું છે. તમામ મંત્રીઓ સીએમ નિવસ્થાને પહોંચ્યા છે. નવી સરકાર ની શપથ ગ્રહણ પહેલા જુના મંત્રીઓ સાથે સીએમ ઔપચારિક મુલાકાત કરશે. દોઢ વર્ષની સરકારની કામગીરીને બીરદાવશે.

### પાટનગરમાં ચર્ચા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સંસદીય મતવિસ્તારમાં પણ આવે છે અને આ બેઠક પર જીતેલા રીટાબેન પટેલ એ જિલ્લાના એકમાત્ર મહિલા ઉમેદવાર હોવા સાથે પાટીદાર ચહેરો પણ છે. ગાંધીનગર શહેરના મેયર તરીકે તેમની કામગીરીને અનુલક્ષીને જ તેમને વિધાનસભાની ટિકિટ આપવામાં આવી હતી અને તેમણે પોતાની પસંદગીની યથાર્થ ઠેરવી બતાવી છે ત્યારે મંત્રીમંડળમાં તેમનો સમાવેશ થાય તેવી શક્યતા પણ જોવાઈ રહી છે. બીજી તરફ દહેગામના ઉમેદવાર બલરાજસિંહ ચૌહાણે સતત બીજીવાર વિજય મેળવ્યો છે અને માણસા બેઠકના ઉમેદવાર જે. એસ. પટેલ જેઓ ચૌધરી સમાજના આગેવાન હોવાને કારણે મંત્રીપદની રેસમાં હોવાનું માનવામાં આવી રહ્યું છે. એક શક્યતા એવી પણ છે કે ગાંધીનગર જિલ્લાના બે ધારાસભ્યોનો મંત્રીમંડળમાં સમાવેશ થાય. આ સંજોગોમાં નવનિયુક્ત મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારમાં મંત્રીમંડળમાં ગાધીનગરને પ્રતિનિધિત્વ મળશે તેવા સંજોગો ઉજળા દેખાય છે પરંતુ પસંદગીનો કળશ કોના પર ઢોળાશે તે તો આવનારો સમય જ કહેશે.

### લીલઝંડી આપી

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમૃદ્ધિ મહામાર્ગનો પહેલો તબક્કો ૫૨૦ કિલોમીટરનું અંતર કવર કરશે. આ મહામાર્ગના જે પહેલા તબક્કાને ખોલવામાં આવી રહ્યો છે તે નાગપુરને શિરડીથી જોડશે. હાલ આ બે શહેરો વચ્ચે મુસાફરીનો સમય જે ૧૦ કલાકનો છે તે ઘટીને પાંચ કલાકનો થઈ જશે. આ મહામાર્ગનું અસલ નામ હિન્દુ હૃદયસમ્રાટ બાલાસાહેબ ઠાકરે મહારાષ્ટ્ર સમૃદ્ધિ મહામાર્ગ છે. જે મહારાષ્ટ્રના ૧૦ જિલ્લામાંથી પસાર થશે. પીએમ મોદીએ નાગપુરથી છત્તીસગઢના બિલાસપુર વચ્ચે દોડનારી વંદે ભારત ટ્રેનને પણ લીલી ઝંડી બતાવી.

### દિલ્હી દારૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

એજન્સીની એક ટીમ પૂછપરછ માટે ૧૧ ડિસેમ્બરે શહેરમાં તેના નિવાસસ્થાને જશે. સીબીઆઈએ આ કેસના સંબંધમાં કવિતાને નિવેદન નોંધવા માટે નોટિસ મોકલી હતી. કવિતાએ તાજેતરમાં કહ્યું હતું કે તે ૧૩ ડિસેમ્બર સિવાય માત્ર ૧૧ થી ૧૫ ડિસેમ્બર દરમિયાન જ અધિકારીઓને મળી શકશે.